# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

**************************************************

1) SIR મુદ્દે વિરોધ પક્ષના હોબાળાને વચ્ચે લોકસભામાં મણિપુર વસ્તુ અને સેવા કર બીજો સુધારા ખરડો, 2025 પસાર

2) કેન્દ્ર સરકારે જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારો માટેની યોજના, 2025 ને મંજૂરી આપી

3) વક્ફ મિલકતોની નોંધણી માટે 'છ મહિનાની સમયમર્યાદા ' લંબાવવાની અરજીઓ પર વિચાર કરવાનો સર્વોચ્ચ અદાલતનો ઇનકાર

4) ઓપરેશન સાગર બંધુના ભાગરૂપે, ભારતે શ્રીલંકામાં 9 ટન રાશન મોકલ્યું

5) વોટર પોઝિટિવનો દરજ્જો મેળવનાર દિલ્હીનું ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથક દેશનું પ્રથમ હવાઈમથક બન્યું

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE LOK SABHA ADJOURN

વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણા-SIR સહિત વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષના હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી આજે બપોર બાદ દિવસભર માટે સ્થગિત કરવામાં આવી. બીજી વખત મુલતવી રાખ્યા પછી જ્યારે લોકસભા બપોરે 2 વાગ્યે મળી, ત્યારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મણિપુર વસ્તુ અને સેવા કર બીજો સુધારા ખરડો, 2025 વિચારણા અને પસાર કરવા માટે રજૂ કર્યો. જેનો હેતુ મણિપુર વસ્તુ અને સેવા કર અધિનિયમ, 2017 માં સુધારો કરવાનો છે. વિપક્ષના હોબાળા વચ્ચે, આ ખરડો ધ્વનિ મતથી પસાર કરાયો.

અગાઉ, વિપક્ષી સભ્યોના સૂત્રોચ્ચાર વચ્ચે , નાણામંત્રી નિર્મલા સીતારમણે તમાકુ અને તેના સંબંધિત ઉત્પાદનો પર એક્સાઇઝ કર લાદવા માટે કેન્દ્રીય એક્સાઇઝ સુધારા ખરડો 2025 રજૂ કર્યો. તેમણે પાન મસાલા જેવી વસ્તુઓના ઉત્પાદન પર સેસ લાદવા માટે આરોગ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર સેસ ખરડો, 2025 પણ રજૂ કર્યો. ગૃહે જન વિશ્વાસ જોગવાઈઓમાં સુધારા ખરડો , 2025 પર પસંદગી સમિતિના અહેવાલની રજૂઆતનો સમય શિયાળુ સત્ર , 2025 ના બીજા અઠવાડિયાના છેલ્લા દિવસ સુધી લંબાવ્યો. ગૃહે નાદારી અને નાદારી સંહિતા સુધારા ખરડો, 2025 પર પસંદગી સમિતિના અહેવાલની રજૂઆતનો સમય પણ સત્રના છેલ્લા દિવસ સુધી લંબાવ્યો.

. . . . . . . . . . . . .

# REV. PM - PARLIAMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે શિયાળુ સત્ર માત્ર એક ધાર્મિક વિધિ નથી, પરંતુ તે ભારતને વિકાસ તરફ લઈ જવાના પ્રયાસોને વેગ આપે છે. સંસદના શિયાળુ સત્ર પહેલા મીડિયાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે , આજે ભારતનો આર્થિક વિકાસ નોંધપાત્ર ઊંચાઈએ પહોંચી રહ્યો છે. તેમણે કહ્યું કે , આ ગતિ ભારતને વિકસિત રાષ્ટ્ર બનવાના માર્ગ પર આગળ વધવા માટે નવો આત્મવિશ્વાસ આપે છે.

(બાઇટ : PM---DELIVER--VIKSIT-BHARAT)

શ્રી મોદીએ કહ્યું કે , સભ્યોએ યુવા સંસદસભ્યોની નવી પેઢીને તકો આપવી જોઈએ.

. . . . . . . . . . . . .

# REV RS-CHAIRMAN

રાજ્યસભાના સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે સંસદ સભ્યોને બંધારણ અને સ્થાપિત ધોરણોનું પાલન કરવા વિનંતી કરી સંસદીય આચરણની લક્ષ્મણ રેખા પર ભાર મૂક્યો . અધ્યક્ષે આજથી શરૂ થયેલા શિયાળુ સત્રના પહેલા દિવસે આ મુજબ જણાવ્યું. અધ્યક્ષ તરીકે પહેલી વાર ઉપલા ગૃહની કાર્યવાહી ચલાવતા , શ્રી રાધાકૃષ્ણને ભાર મૂક્યો કે સાંસદનું કર્તવ્ય લોકોની વાજબી આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધતા સાથે કામ કરવાનું છે.

. . . . . . . . . . . . . .

# LS - GIG WORKERS

કેન્દ્રએ જણાવ્યું કે , અત્યાર સુધીમાં ઈ -શ્રમ પોર્ટલ પર 31 કરોડથી વધુ અસંગઠિત કામદારો અને પાંચ લાખથી વધુ ગિગ અને પ્લેટફોર્મ કામદારો નોંધાયેલા છે. ઈ-શ્રમ પોર્ટલ 2021 માં શરૂ કરવામાં આવ્યું હતું જેથી અસંગઠિત , ગિગ અને પ્લેટફોર્મ કામદારોને યુનિવર્સલ એકાઉન્ટ નંબર આપીને નોંધણી કરી શકાય. શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ વાત કહી . તેમણે માહિતી આપી કે સામાજિક સુરક્ષા , આરોગ્ય લાભો અને કલ્યાણકારી યોજનાઓની ઍક્સેસ પ્રદાન કરવા માટે વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની 14 યોજનાઓને ઈ -શ્રમ પોર્ટલ સાથે સંકલિત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# LS-TRIBALS

પ્રધાનમંત્રી જનજાતિય ઉન્નત ગ્રામ અભિયાન હેઠળ આદિવાસી આવાસોના વિકાસ અને નવીનીકરણ અને ગ્રામીણ સમુદાયની જરૂરિયાતો માટે ભંડોળ સહાય પૂરી પાડવા માટે 17 કરોડ રૂપિયાથી વધુની મંજૂરી આપવામાં આવી છે. પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી . તેમણે કહ્યું કે , આ યોજના આદિવાસી વિસ્તારોમાં જવાબદાર પર્યટનને પ્રોત્સાહન આપવા અને આદિવાસી સમુદાયો માટે આજીવિકાની તકો વધારવા માટે આવાસ વિકસાવવાની કલ્પના કરે છે.

. . . . . . . . . . . . .

# GOVT-FAKE UNIVERSITIES

કેન્દ્ર સરકારે કહ્યું, વર્ષ 2014થી દેશમાં કાર્યરત 12 નકલી યુનિવર્સિટીઓ બંધ કરવામાં આવી છે. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં , શિક્ષણ રાજ્ય મંત્રી ડૉ. સુકાંતા મજુમદારે જણાવ્યું, હાલમાં દેશમાં 24 નકલી યુનિવર્સિટીઓ કાર્યરત છે અને કેન્દ્ર અને યુ .જી.સી.એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય સચિવોને આ સંસ્થાઓને બંધ કરવા માટે કાર્યવાહી કરવા અને યોગ્ય પગલાં લેવા વિનંતી કરી છે.

. . . . . . . . . . . . . .

# PM EXCELLENCE AWARDS

કેન્દ્ર સરકારે જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારો માટેની યોજના, 2025 ને મંજૂરી આપી છે. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે જણાવ્યું હતું કે આ પુરસ્કારોનો હેતુ દેશભરના સનદી સેવકોના યોગદાનને ઓળખવાનો છે. તેમણે ઉમેર્યું કે પીએમ પુરસ્કારોમાં ટ્રોફી , પ્રશસ્તિ પત્ર અને 20 લાખ રૂપિયાની પ્રોત્સાહન રકમ હશે . જેનો ઉપયોગ પ્રોજેક્ટ્સના અમલીકરણ અથવા જાહેર કલ્યાણના કોઈપણ ક્ષે ત્રમાં સંસાધનોના અંતરને દૂર કરવા માટે કરાશે. મંત્રાલયે માહિતી આપી હતી કે આ યોજના હેઠળ 2 હજાર 35 નામાંકન પ્રાપ્ત થયા છે. આ પુરસ્કારો આગામી વર્ષે 21 એપ્રિલે નવી દિલ્હીમાં સનદી સેવા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી દ્વારા એનાયત કરાશે.

. . . . . . . . . . . . .

# SC- WAQF

સર્વોચ્ચ અદાલતે આજે વક્ફ સુધારા અધિનિયમ , 2025 મુજબ વક્ફ મિલકતોની નોંધણી માટે 'છ મહિનાની સમયમર્યાદા ' લંબાવવાની માગ કરતી અરજીઓ પર વિચાર કરવાનો ઇનકાર કર્યો. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ખંડપીઠે સૂચવ્યું હતું કે, અરજદારો માટે વક્ફ ટ્રિબ્યુનલ સમક્ષ પહેલેથી જ ઉપાય ઉપલબ્ધ હોવાથી, તેઓ આ મહિનાની 6 તારીખ સુધીમાં માગી શકે છે. અરજદારો 2025ના કાયદા મુજબ વક્ફ ટ્રિબ્યુનલ સમક્ષ અરજીઓ દાખલ કરીને રાહત મેળવવા માંગે છે.

અરજદારોએ દલીલ કરી હતી કે , UMEED પોર્ટલમાં વક્ફ મિલકતોની નોંધણી અથવા ડિજિટાઇઝેશનથી ઉદ્ભવતી મુશ્કેલીઓ સાથેની અરજીઓ પર ટ્રિબ્યુનલ વિચારણા કરશે ત્યાં સુધીમાં 6 ડિસેમ્બરની સમયમર્યાદા પૂરી થઈ જશે.

. . . . . . . . . . . . .

# EC-SIR

ચૂંટણી પંચે જણાવ્યું, વિશેષ સઘન સુધારણા-SIRનો બીજા તબક્કામાં અત્યાર સુધી 50 કરોડ 83 લાખથી વધુ ગણતરી ફોર્મનું વિતરણ કરાયું છે . આ તબક્કામાં 51 કરોડ મતદારોમાંથી 99.72 ટકાનુ પુન:નિરીક્ષણ કરાશે. પંચે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં લગભગ 40 કરોડ ફોર્મનું ડિજિટાઇઝેશન કરાયું છે . મતદાર યાદીના SIRનો બીજો તબક્કો 4 નવેમ્બરથી નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં શરૂ થયો છે , જેમાં છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ સામેલ છે . મતદાર યાદીનું મોટા પાયે સંશોધન આવતા વર્ષે 7 ફેબ્રુઆરીએ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે પૂર્ણ થશે.

. . . . . . . . . . . . .

# INDIA-DITWAH

ઓપરેશન સાગર બંધુના ભાગરૂપે , ચક્રવાત દિત્વાહ પછી, ભારતે શ્રીલંકાના અધિકારીઓ સાથે સંકલનમાં કોલંબોમાં ભારતીય નૌકાદળના બે જહા જોમાંથી 9.5 ટન રાશન સોંપ્યું. ભારતીય વાયુસેનાના ત્રણ વિમાનોને તંબુ , તાડપત્રી, ધાબળા, સ્વચ્છતા કીટ, ખાદ્ય પદાર્થો, દવાઓ અને સર્જિકલ સાધનો સહિત 31.5 ટન રાહત સામગ્રી એરલિફ્ટ કરવા માટે પણ તૈનાત કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# EVE CYCLONE DITWAH

દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી અને તેની નજીકના ઉત્તર તમિલનાડુ પુડુચેરી કિનારા પર ડીપ ડિપ્રેશન છેલ્લા છ કલાક દરમિયાન 3 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર તરફ આગળ વધ્યું છે અને ચેન્નાઈથી લગભગ 50 કિમી, પુડુચેરી નજીક 140 કિમી, કુડ્ડલોરથી 160 કિમી અને નેલ્લોર નજીક 170 કિમી દૂર આગળ વધ્યું છે . દરિયાકાંઠાથી ડીપ ડિપ્રેશનનું ઓછામાં ઓછું અંતર લગભગ 35 કિમી છે . તે આગામી 12 કલાક દરમિયાન નબળા પડીને ડિપ્રેશનમાં ફેરવાઈ જવાની શક્યતા છે. તિરુવલ્લુર અને ચેન્નાઈમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

. . . . . . . . . . . . .

# IGI- WATER POSITIVE STATUS

પર્યાવરણીય વ્યવસ્થાપનના કારણે વોટર પોઝિટિવનો દરજ્જો મેળવનાર દિલ્હીનું ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથક દેશનું પ્રથમ હવાઈમથક બન્યું છે. જેની વાર્ષિક ક્ષમતા 40 મિલિયનથી વધુ મુસાફરોની છે. આ સિદ્ધિ વિશે બોલતા, દિલ્હી આંતરરાષ્ટ્રીય હવાઈમથક લિમિટેડના મુખ્ય કાર્યકારી અધિકારી-CEO, વિદેહ કુમાર જયપુરિયારે જણાવ્યું હતું કે વોટર પોઝિટિવ બનવું એ જવાબદાર સંસાધન ઉપયોગ , પર્યાવરણીય દેખરેખ અને ઉડ્ડયન માળખાના ભવિષ્ય પ્રત્યેની ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવે છે. વધુમાં , શ્રી જયપુરિયારે જણાવ્યું હતું કે પાણીની સકારાત્મકતા માત્ર કુદરતી સંસાધનો પરની આપણી નિર્ભરતા ઘટાડે છે પરંતુ આપણી સ્થિતિસ્થાપકતા અને આબોહવા તૈયારીને પણ વધારે છે.

. . . . . . . . . . . . .

# PM- GITA JAYANTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે શ્રીમદ્ ભગવદ્ ગીતાના અવતરણ સાથે સંકળાયેલ ગીતા જયંતિની દેશભરના લોકોને શુભેચ્છાઓ પાઠવી છે . સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે ફરજની પરિપૂર્ણતા પર અમૂલ્ય સંદેશાઓથી શણગારેલું આ દૈવી ગ્રંથ ભારતીય પારિવારિક , સામાજિક અને આધ્યાત્મિક જીવનમાં અત્યંત વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેમણે ઉમેર્યું કે દૈવી શ્લોકો દરેક પેઢીને નિઃસ્વાર્થ કાર્ય માટે પ્રેરણા આપતા રહેશે.

. . . . . . . . . . . . . .